---

**મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૭ માં,**
**મુ. અમદાવાદ.**

---

**ક્રિમી.કેસ નં.૬૩૯૯૭/૨૦૨૦**

ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત આંક:

વિ.

આરોપીઓ :(૧) આલજીભાઈ કેશવભાઈ સોલંકી
(૨) શૈલેન્દ્રભાઈ ઉર્ફે શૈલેષ સ/ઓ આલજીભાઈ સોલંકી
(૩) કમલભાઈ ઉર્ફે કાલુ શૈલેષ સ/ઓ આલજીભાઈ સોલંકી
તમામ રહે:મ.નં.૫૦૩, મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા
અમરાઈવાડી,અમદાવાદ.

ગુનો:ઈ.પી.કો.કલમ: ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪
તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ.

---

સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી.એચ.વાય.ત્રિવેદી
આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી. પી.કે.હડીયલ

---

**-: જજમેન્ટ :-**

**૧.** આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે તા.૫/૯/૨૦૨૦ ના રોજ સવારના આઠેક વાગે આ કામના ફરીયાદી મન્સુરીની ચાલીમાં તેઓના પિતાજી તથા ભાઈ અને ભત્રીજા સાથે પાણીની લાઈન નાખવા બાબતે તેમના આગેવાન જનકભાઈ સાથે ઉભા ઉભા વાતચીત

કરતા હોય તે વખતે આરોપી નં.૧ તથા આરોપી નં.૩ નાઓ આવી ફરીયાદી સાથે તથા ફરીયાદીના પિતાજી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી બિભત્સગાળો આપવા લાગતા તેઓની વચ્ચે મારા મારી થયેલી અને આ દરમ્યાન આરોપી નં.૧ નાએ પોતાના ઘરમાંથી તલવાર લઈ આવી ફરીયાદીના પિતાજી ત્રિભોવનભાઈ ને જમણા હાથના ભાગે ઈજા કરેલ હોય તેમજ આરોપી નં.૩ નાઓએ કયાંકથી લોખંડ ની પાઈપ લઈ આવી ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારી ઈજા કરેલ હોય અને તમામ આરોપીઓ ભેગા મળી ફરીયાદી તથા તેઓના પિતાજી અને ભાઈ તથા ભત્રીજાને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરેલ હોય તે મતલબની ફરીયાદીએ ફરીયાદ રજુ કરતાં જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ રાખવામાં આવેલ છે.

**૨.** આરોપીઓના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની વિગતવાર સમજુતી આપ્યા બાદ આંક:૩ થી વિગતવારનુ તહોમતનામું ફરમાવી , આંક:૪ થી આરોપીઓનો સંયુકત જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**૩.** ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

<u>(અ) મૌખિક પુરાવો :</u>

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી જયસુખભાઈ ત્રિભોવનભાઈ રાઠોડ ની |

| | | |
|---|---|---|
| | | જુબાની. |
| ૨ | ૦૮ | શાહેદ દાનીબેન ત્રિભોવનભાઈ રાઠોડ ની જુબાની. |
| ૩ | ૦૯ | શાહેદ ત્રિભોવનભાઈ રામજીભાઈ રાઠોડની જુબાની |

(બ) દસ્તાવેજી પુરાવો:

| **કમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૧૦ થી ૧૨ | પંચનામા |
| ૩ | ૧૩ થી ૧૫ | મેડીકલ સર્ટીફીકેટ |

**૪...** ત્યારબાદ આંક:૧૬ ની કલોઝીંગ પુરસીસ રજુ થતાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ પુરાવો પુરો થયાની જાહેરાત કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો ઘ્યાને લીધી.

**૫...** સદર ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્રા ઉપસ્થિત થયેલ છે.

## -: મુદ્દાઓ :-

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,આ કામના ફરીયાદી મન્સુરીની ચાલીમાં તેઓના પિતાજી તથા ભાઈ અને ભત્રીજા સાથે પાણીની લાઈન નાખવા બાબતે તેમના આગેવાન જનકભાઈ સાથે ઉભા ઉભા વાતચીત કરતા હોય તે વખતે આરોપી નં.૧ તથા આરોપી નં.૩ નાઓ આવી ફરીયાદી સાથે તથા ફરીયાદીના પિતાજી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી બિભત્સગાળો આપવા લાગતા તેઓની વચ્ચે મારા મારી થયેલી અને આ દરમ્યાન આરોપી નં.૧ નાએ પોતાના ઘરમાંથી તલવાર લઈ આવી ફરીયાદીના પિતાજી ત્રિભોવનભાઈ ને જમણા હાથના

ભાગે ઈજા કરેલ હોય તેમજ આરોપી નં.૩ નાઓએ કયાંકથી લોખંડ ની પાઈપ લઈ આવી ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારી ઈજા કરેલ હોય અને તમામ આરોપીઓ ભેગા મળી ફરીયાદી તથા તેઓના પિતાજી અને ભાઈ તથા ભત્રીજાને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી ઈ.પી.કો.કલમ: ૩૨૪,૩૨૩,૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ

૬.... ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

-: કારણો :-

૭... સદર કામે આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક:૬ થી ફરીયાદી જયસુખભાઈ ત્રિભોવનભાઈ રાઠોડ જુબાની આપી જણાવે છે કે મન્સુરીની ચાલીમાં રહેતા આલજીભાઈ સાથે પાણીની પાઈપલાઈન નાખવા બાબતે અવારનવાર બોલાચાલી થતી હતી. આ પાણીની પાઈપ તેઓના હદ વિસ્તારમાં નાંખેલી તેમ છતાં આલજીભાઈ તેનો વિરોધ કરતા હતા. તેઓના પિતાએ આલજીભાઈ વિરુધ્ધ પાણીની પાઈપ લાઈન નાખવા બાબતે અમરાઈવાડી ઝોનલ ઓફીસમાં અરજી આપેલી જે અનુસંધાને જવાબ આપવા માટે મારા પિતાજી તથા આલજીભાઈને નાગરવેલ ચોકી ઉપર બોલાવેલ. ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડવાથી સમાધાન થયેલ અને પાણીની પાઈપ લાઈન બાબતે કોઈ મતભેદ રહેલ નહી. ત્યારબાદ જનકભાઈ રાઠોડની હાજરીમાં પાઈપ લાઈન નાખવાની હોઈ તે વખતે આલજીભાઈ અને તેઓના દીકરા કમલ બંને ઘરની બહાર આવી બોલાચાલી કરવા લાગેલ.

તે વખતે કમલભાઈનું ઉપરાણું લઈ તેના મિત્ર રાજુભાઈ તથા શૈલેષ આવી ગયેલા અને બોલાચાલી કરવા લાગેલ તે વખતે આજુબાજુના માણસો ભેગા થઈ જવાથી ધકકા મુકકી થવાથી પડી જવાથી તેઓને તથા તેમના પિતાજી ને તથા તેઓની માતૃશ્રીને ઈજાઓ થયેલી. તેઓ સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ગયેલ. પોલીસ આવી જતા તેઓએ બનાવ અંગેની ફરીયાદ આપેલી. ફરીયાદ આંક:૭ થી રજુ છે તે જોઈને તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આમ સદર શાહેદ તેઓની પોલિસ રુબરુની ફરીયાદ થી વિરોધાભાસી જુબાની આપતાં હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે.તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી એ કરેલ ઉ.ત.માં પણ કોઈ ફળદાયક હકીકત બહાર લાવી શકેલ નથી જયારે બચાવ પક્ષે ઉ.ત.માં આ કામના આરોપી સાથે પાણીની પાઈપ લાઈન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ધકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી.

૮... તેવી જ રીતે ફરીયાદ પક્ષે આકં:૮ થી ફરીયાદીના માતા શાહેદ દાનીબેન ત્રિભોવનભાઈ રાઠોડ તથા આંક: ૯ થી ફરીયાદીના પિતા શાહેદ ત્રિભોવનભાઈ રામજીભાઈ રાઠોડ જુબાની આપી જણાવે છે કે મન્સુરીની ચાલીમાં રહેતા આલજીભાઈ સાથે પાણીની પાઈપલાઈન નાખવા બાબતે અવારનવાર બોલાચાલી થતી હતી. આ પાણીની પાઈપ તેઓના હદ વિસ્તારમાં નાંખેલી તેમ છતાં આલજીભાઈ તેનો વિરોધ કરતા હતા. ત્રિભોવનભાઈએ આલજીભાઈ વિરુધ્ધ પાણીની પાઈપ લાઈન નાખવા બાબતે અમરાઈવાડી ઝોનલ ઓફીસમાં અરજી આપેલી જે અનુસંધાને જવાબ આપવા માટે ત્રિભોવનભાઈ તથા

આલજીભાઈને નાગરવેલ ચોકી ઉપર બોલાવેલ. ત્યારબાદ સમાજના માણસો વચ્ચે પડવાથી સમાધાન થયેલ અને પાણીની પાઈપ લાઈન બાબતે કોઈ મતભેદ રહેલ નહી. ત્યારબાદ જનકભાઈ રાઠોડની હાજરીમાં પાઈપ લાઈન નાખવાની હોઈ તે વખતે આલજીભાઈ અને તેઓના દીકરા કમલ બંને ઘરની બહાર આવી બોલાચાલી કરવા લાગેલ. તે વખતે કમલભાઈનું ઉપરાણું લઈ તેના મિત્ર રાજુભાઈ તથા શૈલેષ આવી ગયેલા અને બોલાચાલી કરવા લાગેલ તે વખતે આજુબાજુના માણસો ભેગા થઈ જવાથી ઘકકા મુકકી થવાથી પડી જવાથી ઈજાઓ થયેલી. જેથી સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ગયેલ. પોલીસ આવી જતા જયસુખભાઈએ બનાવ અંગેની ફરીયાદ આપેલી. બનાવ અંગે પોલીસે તેઓની પુછપરછ કરતાં તે અંગે જવાબ લખાવેલ. આ સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. આમ સદર બંને શાહેદ તેઓની પોલિસ રુબરુના નિવેદન થી વિરોધાભાસી જુબાની આપતાં હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે.તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી એ કરેલ ઉ.ત.માં પણ કોઈ ફળદાયક હકીકત બહાર લાવી શકેલ નથી જયારે બચાવ પક્ષે ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે પાણીની પાઈપ લાઈન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ઘકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી.

૯.. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતા જયારે આ કામના ફરીયાદી તથા શાહેદો જ જયારે તેમની ઉ.ત.માં આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના આરોપીઓ પાસે કોઈ

મારક હથીયાર હતા નહી. તેઓ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે ટોળું ભેગું થઈ જવાથી ધકકા મુકકી થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી તેમ જણાવતાં હોય ત્યારે ફરીયાદી એ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર રજુ રાખેલ નહોય આંક: ૭ ની ફરીયાદ સાબીત થયેલ માની શકાય નહી.તેવી જ રીતે ફરીયાદ પક્ષે આંક: ૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આકં:૧૧,૧૨ થી હથિયાર રીકવરીનું પંચનામું તથા આંક: ૧૩ થી આકં:૧૫ મેડીકલ સર્ટીફીકેટ બચાવ પક્ષની સંમતીથી રજુ થયેલ છે.પરંતું કોઈ પંચશાહેદોને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી જેથી પંચનામાના કન્ટેન્સ પુરવાર થયેલ નથી. જેથી પંચનામું સાબીત થયેલ માની શકાય નહી. તેવી જ રીતે સદર કામે કોઈ મેડીકલ ઓફીસર કે સારવાર આપનાર ડોકટર શ્રી.ને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતું નથી જેથી ફરીયાદી તથા શાહેદને થયેલ ઈજાઓ સાબીત થઈ શકેલ નથી. આમ રેકર્ડ ઉપરના પુરાવાથી બનાવ બનેલ હોવાનું જણાઈ આવે છે પરંતું આ કામના ફરીયાદી મન્સુરીની ચાલીમાં તેઓના પિતાજી તથા ભાઈ અને ભત્રીજા સાથે પાણીની લાઈન નાખવા બાબતે તેમના આગેવાન જનકભાઈ સાથે ઉભા ઉભા વાતચીત કરતા હોય તે વખતે આરોપી નં.૧ તથા આરોપી નં.૩ નાઓ આવી ફરીયાદી સાથે તથા ફરીયાદીના પિતાજી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી બિભત્સગાળો આપવા લાગતા તેઓની વચ્ચે મારા મારી થયેલી અને આ દરમ્યાન આરોપી નં.૧ નાએ પોતાના ઘરમાંથી તલવાર લઈ આવી ફરીયાદીના પિતાજી ત્રિભોવનભાઈ ને જમણા હાથના ભાગે ઈજા કરેલ હોય તેમજ આરોપી નં.૩ નાઓએ કયાંકથી લોખંડ ની પાઈપ લઈ આવી ફરીયાદીને માથાના ભાગે એક ફટકો મારી ઈજા કરેલ હોય અને તમામ આરોપીઓ ભેગા મળી

ફરીયાદી તથા તેઓના પિતાજી અને ભાઈ તથા ભત્રીજાને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે સાબીત કરી શકેલ નહોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દાનં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**૧.** આ કામના આરોપીઓ:(૧)આલજીભાઈ કેશવભાઈ સોલંકી (૨) શૈલેન્દ્રભાઈ ઉર્ફે શૈલેષ સ/ઓ આલજીભાઈ સોલંકી(૩) કમલભાઈ ઉર્ફે કાલુ શૈલેષ સ/ઓ આલજીભાઈ સોલંકી,તમામ રહે:મ.નં.૫૦૩, મન્સુરીની ચાલી, ગુલાબનગર ચાર રસ્તા ,અમરાઈવાડી,અમદાવાદ. નાઓને ક્રિ.પ્રો.કોડ કલમ: ૨૪૮(૧) અન્વયે ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ ના શીક્ષાને પાત્ર ગુન્હામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.**.મુદ્દામાલ પાવતીમા જણાવેલ મુદ્દામાલ લોખંડની પાઈપ તથા તલવાર નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.**..આરોપીના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીને સી.આર.પી.સી. કલમ:૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તા.૮ મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

(કુ.શબાના અબ્દુલકાદર મનસુરી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૭, અમદાવાદ.
***કોડ ન. જી.જે.૦૧૦૨૪***